# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 27-03-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતા. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(GONG MUSIC)

----------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# PM MEETING

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સાંજે પશ્ચિમ એશિયાના સંઘર્ષ પર વિડીયો કોન્ફરન્સ દ્વારા તમામ રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે વાતચીત કરશે અને તેમની રાજ્ય તૈયારીઓ અને યોજનાઓની સમીક્ષા કરશે. આ બેઠક "ટીમ ઇન્ડિયા" ભાવનામાં સંકલિત પ્રયાસો સુનિશ્ચિત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરશે. જોકે, આદર્શ આચારસંહિતાને કારણે, ચૂંટણીલક્ષી રાજ્યોના મુખ્યમંત્રીઓ બેઠકમાં હાજરી નહીં આપે.

# CM SCHOLARSHIP

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ગાંધીનગર વિદ્યા સમીક્ષા કેન્દ્ર ખાતેથી વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ અપાઈ, જેમાં નમો લક્ષ્મી ,નમો સરસ્વતી, મુખ્યમંત્રી જ્ઞાન સાધના સ્કોલરશીપ યોજના, મુખ્યમંત્રી જ્ઞાન સેતુ સ્કોલરશીપ યોજના હેઠળ 13 લાખ 96 હજાર વિદ્યાર્થીઓને 354 કરોડ રૂપિયાની શિષ્યવૃત્તિ આપવામાં આવી. આ પ્રસંગે સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઇનોવેશન પોલીસી અંતર્ગત પસંદગી પામેલા વિદ્યાર્થી ઉદ્યોગસાહસિકોને પણ ગ્રાન્ટ વિતરણ કરાઇ હતી. આ અંગે એક વિદ્યાર્થી સ્મિત વાઘેલાએ પ્રતિક્રિયા આપી.

(Byte: Smit Vaghela – Student)

# EXCISE DUTY-REDUCE

સરકારે ઘરેલુ વપરાશ માટે પેટ્રોલ અને ડીઝલ પરની કેન્દ્રીય એક્સાઇઝ ડ્યુટીમાં પ્રતિ લિટર 10 રૂપિયાનો ઘટાડો કર્યો છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં નાણામંત્રી નિર્મલા સીતારમણે જણાવ્યું કે, પશ્ચિમ એશિયાના સંકટ વચ્ચે આ નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિર્ણયથી ગ્રાહકોને વધતી કિંમતોથી રાહત મળશે.

તેમણે કહ્યું કે ડીઝલની નિકાસ પર પ્રતિ લિટર 21.5 રૂપિયા અને ઉડ્ડયન ઇંધણ પર પ્રતિ લિટર 29.5 રૂપિયાની ડ્યુટી લાદવામાં આવી છે.

# GOVT-LPG ALLOCATION

કેન્દ્ર સરકારે રાજ્યોની વાણિજ્યિક એલપીજી ફાળવણીને 70 ટકા સુધી વધારવાનો નિર્ણય લીધો છે, જેમાં સ્ટીલ, ઓટોમોબાઈલ અને કાપડ જેવા ઉદ્યોગોને 20 ટકા ફાળવણી આપવામાં આવશે. સોશિયલ મીડિયા પોસ્ટમાં આ જાહેરાત કરતા, કેન્દ્રીય પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી હરદીપ સિંહ પુરીએ જણાવ્યું હતું કે આ પગલાનો હેતુ વાણિજ્યિક એલપીજીનો પુરવઠો સરળ બનાવવાનો છે. તેમણે ઉમેર્યું હતું કે તેવા ઉદ્યોગોને પ્રાથમિકતા આપવામાં આવશે જ્યાં પાઇપ ગેસનો વિકલ્પ નથી.

# WORLD THEATRE DAY

આજે વિશ્વ રંગભૂમિ દિવસ છે, રંગભૂમિની જનેતા એવી ભવાઈ કળાને ઝાલાવાડના નાના કલાકારો અનેક પડકારો વચ્ચે જીવંત રાખવા મથી રહ્યા છે. એક જમાનામાં ટીવી, ડીવીડી, સિનેમા કે મોબાઈલ જેવા મનોરંજનના સાધનો નહોતા ત્યારે ગામડામાં મનોરંજનનું સબળ માધ્યમ ભવાઈ હતી. ભવાઇ કલાકાર હર્ષદ વ્યાસ જણાવે છે કે, મનોરંજનના અનેક સાધનો આવતા, હવે ભવાઈ કળા ભુલાતી જાય છે ત્યારે, સરકાર દ્વારા આ કળાને જીવંત રાખવા પ્રોત્સાહન મળે તે જરૂરી છે.

(Byte: Harshad Vyas, Nomadic Community Support Forum)

# BOTAD JANMOTSAV

બોટાદ જિલ્લાના સુપ્રસિદ્ધ સાળંગપુર ધામમાં શ્રી રામનવમી અને ઘનશ્યામ જન્મોત્સવની ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે હનુમાન દાદાને અન્નકૂટ ધરાવવામાં આવ્યો. મંદિર પરિસરમાં મારુતિ યજ્ઞ પણ કરાયો. આજે રાત્રે 10:10 કલાકે શ્રી ઘનશ્યામ જન્મોત્સવની વિશેષ આરતી કરવામાં આવશે. આ પ્રસંગે મંદિરના આંગણે હરિભક્તો દ્વારા રાસ-ગરબાની રમઝટ બોલાવી આનંદોત્સવ મનાવવામાં આવશે.

જામનગરમાં પણ મહાનગરપાલિકા દ્વારા રામનવમીના પાવન પર્વે ‘જળઆરતી’નું આયોજન કરવામાં આવ્યું જેમાં જામનગર સાઇકલિંગ ક્લબના સભ્યોએ શહેરજનોને પર્યાવરણ અનુકૂળ જીવનશૈલી અપનાવવા પ્રેરણા આપી હતી.

# WIND TURBINE VALSAAD

વલસાડના તિથલ દરિયાકિનારે અત્યાધુનિક હાઇબ્રિડ સોલર સિસ્ટમ પોલ લગાવવાની શરૂઆત કરવામાં આવી છે. આ સિસ્ટમ સૂર્યપ્રકાશ અને પવનચક્કી દ્વારા વીજળી ઉત્પન્ન કરશે.

આ પોલ પર સોલર પેનલ સાથે નાની પવનચક્કી પણ લગાવવામાં આવી છે. દરિયાકિનારે પવનની ગતિ વધુ હોવાથી, રાત્રિ દરમિયાન પણ વીજળીનું ઉત્પાદન સતત ચાલુ રહેશે, જે લાઇટોને કાર્યરત રાખશે. પોલ પર હાઈ-ડેફિનેશન સીસીટીવી કેમેરા પણ સ્થાપિત કરવામાં આવ્યા છે, જે 24 કલાક વિસ્તારનું મોનિટરિંગ કરશે. આ નવી પહેલથી દરિયાકિનારે આવતા પ્રવાસીઓ અને સ્થાનિક માછીમારોને સીધો ફાયદો થશે. સીસીટીવી કેમેરા દ્વારા અંધારામાં થતી ચોરી કે અન્ય અસામાજિક પ્રવૃત્તિઓ પર પણ નિયંત્રણ રાખી શકાશે.